1. મનોવલણ ઘડતરને અસર કરતાં પરિબળો દર્શાવી ગમે તે એકની ચર્ચા કરો ?

- મનોવલણ એ જન્મજાત કે વારસાગત નથી, પરંતુ સોમાજી કરણ અને શિક્ષણની પ્રક્રિયાથી સંપાદિત થાય છે.
- મનોવલણ માનવવર્તનને દિશા આપનારું મહત્ત્વનું પરિબળ છે.
- મનોવલણ ઘડતર પર અસર કરતાં પરિબળો : મનોવલણ ઘડતરને અસર કરતાં મુખ્ય ચાર પરિબળો (ઘટકો) આ પ્રમાણે છે :
  - ✓ (1) ટેબ,
  - ✓ (2) સામાજીકરણ,
  - ✓ (3) પ્રત્યક્ષ અનુભવ અને
  - ✓ (4) સંચાર માધ્યમોની અસરો.
- મનોવલણ ઘડતર પર અસર કરનાર પરિબળ તરીકે કુટુંબની સમજૂતી નીચે પ્રમાણે છે :
- કુટુંબ માનવીના જીવનનું અનિવાર્ય અંગ કુટુંબ છે.
- કુટુંબ એ સમાજનું અને વ્યક્તિએ કુટુંબનું નાનામાં નાનું એકમ છે.
- કુટુંબ એ સામાજિક શિયાણની માસંસ્થા છે. કુટુંબના સભ્યોના વર્તનની અસર બાળક પર થાય છે.
- વ્યક્તિની માન્યતાઓ અને મૂલ્યાંકનો પર કુટુંબના સભ્યોની વ્યાપક અસર હોય છે. દરેક વ્યક્તિ પોતાનાં મોટા ભાગનાં મનોવલણો કીટબિક ઉછેર દરમિયાન ટુંબના સભ્યો પાસેથી શીખે છે.
- કુટુંબના સભ્યો પોતાની ભૂમિકા અને દરજ્જા પ્રમાણે વર્તન કરે છે.
- બાળક સાથે કુટુંબના દરેક સભ્યોનો વર્તન અને વ્યવહાર અલગ અલગ હોય છે.
- બાળકના વર્તન પર માતાના વર્તનનો સૌથી વધુ પ્રભાવ હોય છે. કારણ કે અન્ય પ્રાણીની સરખામણીમાં માનવબાળ વધુ લાંબા સમય સુધી પરાવલંબી હોય છે.
- બાળકની મોટા ભાગની બધી જરૂરિયાતો માતા દ્વારા સંતોષાતી હોવાથી બાળકનું માતા પ્રત્યે સહજ વિધાયક વલણ વિકાસ પામે છે.
- માતાપિતાની પારસ્પરિક આંતરક્રિયા, ભાઈબહેન સાથે બાળકની આંતરક્રિયા અને તેમના દ્વારા થતો બાળકની જરૂરિયાતોનો સંતોષ. સહકાર, સ્વીકૃતિ, પ્રેમ, સ્નેહ વગેરે બાળકમાં વિધાયક વલણ વિકસાવે છે.
- બાળકને કુટુંબમાંથી ધિક્કાર, ધૃણા, તિરસ્કાર વગેરે મળતાં હોય તો તેનામાં નિષેધક વલણ વિકસે છે.
- બાળકના વર્તનને કુટુંબના સભ્યો તરફથી મળતું વિધાયક કે નિષેધક પ્રબલન અથવા સ્વીકૃતિ કે અસ્વીકૃતિ મનોવલણના ઘડતરમાં અસર કરે છે.
- વ્યક્તિનાં નેતિક-અનૈતિક, સારા-ખરાબ અંગેના ખ્યાલો, તેમજ શાતિ, ધર્મ વગેરે. વિશેના ખ્યાલો પણ કુટુંબમાંથી જ પ્રાપ્ત થાય છે, જે વ્યક્તિનાં મનોવલણોના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે.
- જે કુટુંબમાં લોકશાહીયુક્ત પર્યાવરણ હોય તે કુટુંબના સભ્યો સર્ણિપણ, વિશાળ દષ્ટિવાળાં, ઉદારમતવાદી અને બિનસાંપ્રદાયિકતાની દષ્ટિવાળાં હોય , આનાથી વિરુદ્ધ પર્યાવરણમાં ઉછરેલાં સભ્યો રૂઢિચુસ્ત, સંકુચિત દષ્ટિ, સાંપ્રદાયિકતા અને સત્તાલક્ષી. દષ્ટિવાળાં હોય છે, કૌટુંબિક ઉછેર અને

માતાપિતા પાસેથી મળતી માહિતી તેમજ માતાપિતાનાં મનોવલણો, વ્યક્તિનાં મનોવલણોનાં ઘડતર અને વિકાસમાં અગત્યનો ફાળો આપે છે.

## 2. પૂર્વગ્રહની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો ?

- પૂર્વગ્રહ માટે અંગ્રેજી ભાષામાં (Prejudice) શબ્દ છે, જે લેટિન ભાષાનો (Praejudiclun) પરથી બન્યો છે.
- શબ્દાર્થની દષ્ટિએ પૂર્વગ્રહ એટલે પહેલાથી લીધેલો નિર્ણય.
- મનોવિજ્ઞાન ની દષ્ટિએ પૂર્વગ્રહ એ પૂર્વનિર્ધારિત નિવેધક અનીવાલા છે.
- પૂર્વગ્રહમાં પૂરતા અનુભવો અને પુરાવાઓનો અભાવ હોય છે.
- પૂર્વની નંચક્ત રમાવેગાત્મક છે. આથી પૂર્વગ્રહોથી થતા સામાજિક સંઘપમાં આવેગિક તત્ત્વ મુખ્ય ભૂમિકા ભજવે છે.
- પૂર્વવામઠની વ્યાખ્યા કેટલાક મનોવૈજ્ઞાનિકોએ આપેલી પૂર્વગ્રહની વ્યાખ્યા નીચે પ્રમાણે છે :
  - 1. ન્યૂકોમ્બ : પૂર્વગ્રહ એટલે વ્યક્તિ કે જૂથ પ્રત્યે પ્રત્યક્ષીકરણ, વિચાર, લાગણી કે કાર્યની દષ્ટિએ વિરુદ્ધ પ્રતિક્રિયા કરવાનું પૂર્વ નિશ્ચિત થયેલું વલણ .
  - 2. ઓબર્ન : પૂર્વગ્રાહે એટલે ઉતાવળીયો અને પૂરતી તપાસ વગર સ્વીકારવામાં આવેલો અભિપ્રાય કે નિર્ણય.
  - 3. બી : કુષ્ણસ્વામી પૂર્વગ્રકટ એટલે હંમેશાં આવેગાત્મક હોય તેવું મનોવલશ કે જે પૂરતા પુરાવા કે પુરતા અનુભવ મળે તે પહેલાં તે સંપાદિા થઈ શકાય છે.
  - ઉપરની વ્યાખ્યાના આધારે કહી શકાય કે, પૂર્વગાડ ને મનમાં રસમાં પહેલે થી બંધાઈ ગયેલો એવો વિચાર કે વહોણ છે જેને સત્ય શાંતિ હકીકતનું સમર્થન મળતું ન હોય તેવો આગ્રહ.

## 3. પૂર્વ ગ્રહ ઘટાડવાની રીત તરીકે "બોધાત્મક હસ્તક્ષેપ" સમજાવો ?

- પૂર્વ ગ્રહ સમાજ માટે જોખમરૂપ છે અને તેની ભાવિ સમાજ પર ખૂબ હલોના ગાળાની નિપક અસરો થાય છે. જે સામાજિક શાંતિને જોખમમાં મુકી વૈમનસ્ય પેદા કરે છે, આથી પૂર્વગ્રામોમાંથી મુક્તિ મેળવવાના પ્રયત્નો કરવા અનિવાર્ય છે. પૂર્વગ્રહ ઘટાડવાની રીત તરીકે 'બોધાત્મક હસ્તક્ષેપ'ની સમજની નીચે પ્રમાણે છે :
- બોધાત્મક હસ્તક્ષેપ : માનવ વતનના મુખ્ય ત્રણ સ્વરૂપ છે
  - ✓ (1) ક્રિયાત્મક,
  - ✓ (2) બોધાત્મક અને
  - ✓ (3) ભાવાત્મક.
- બોધાત્મક વિકાસ દ્વારા માનવીના પ્રત્યક્ષદી કરણ , વિચાર અને વલણમાં પરિવર્તન લાવી શકાય છે.
- બોધ એટલે સમજણ, જ્ઞાન અને સાચી માહિતીની સ્વીકૃતિ થાય તે રીતે તેને અન્ય વ્યક્તિ સુધી પહોંચાડવાની ક્રિયા.
- પૂર્વગ્રહની નાબૂદી માટે માનવીમાં બોધાત્મક પરિવર્તન ખુબ અસરકારક નીવડે છે.

- સામાજિક પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિઓ, સમાજસેવકો, ધર્મગુરુઓ તથા પ્રચાર અને જાહેરાતો દ્વારા પ્રજામાં બોધ દ્વારા પરિવર્તન લાવી શકાય છે. દા. ત.ગુજરાત રાજ્યમાં ઠાકોર સમાજના સભ્યો દ્વારા દારૂ વિચનાર અને પીનાર વ્યક્તિઓ વિરુદ્ધ ઝુંબેશ શરૂ થતાં દારૂ વેચનાર અને પીનાર વ્યક્તિઓની સામાજિક પ્રનિષ્ઠા ઘટી છે. તેઓના નામે જાહેર થઈ જશે તેવા ડરથી સામાજિક સુધારણા ખાવે છે.
- સમાજની મોટા ભાગની જ્ઞાતિઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સમૂહ લગ્નના આયોજનના કારણે પ્રજામાનસમાં બોધાત્મક પરિવર્તન આવ્યું છે, જેના પરિણામે વ્યક્તિગત પ્રતિષ્ઠા માટે થતાં ખર્ચાળ લગ્નોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- સ્વાથ્ય સભાનતા અંગેની ચર્ચાઓ, જાહેરાતો અને વિવિધ ઉત્પાદનોના કારણે લોકોનાં બોધાત્મક પાસાં પર મોટી અસર થઈ છે. વર્તમાનમાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો પણ શાળામાં વોટરબેગ લઈને જાય છે.

4. વિધાયક વલણ વિકસાવી પર્વગ્રહ કેવી રીતે નાબુદ થાય તે ઉદાહરણથી સમજાવો ?

- પૂર્વગ્રહ સમાજ માટે જોખમરૂપ છે અને તેની ભાવિ સમાજ પર ખૂબ લાંબા ગાળાની નિપંપક અસરો થાય છે. જે સામાજિક શાંતિને જોખમમાં મુકી વૈમનસ્ય પેદા કરે છે. આથી પૂર્વગ્રહો મુક્તિ મેળવવાનો પ્રયત્નો કરવો અનિવાર્ય છે. સમાજમાં વિધાયક વહાણો વિકસાવી પૂર્વગ્રહ નાબુદ કરી સહાય છે.
- વિધાયક વલણો વિકસાવવા : પૂર્વમાં ને નિપેલ કે મનોવલણો અને સમાજમાં રૂઢ થયેલા ખોટા ખાયલો છે.
- કોઈ પણ સમાજમાં રહેલી નકારાત્મકતા ઓછી કરવા માટે વિધાયક વલણી ખૂબ જરૂરી છે.
- સમાજમાં જે બાબતો પ્રત્યે પૂર્વગ્રહ હોય તે બાબતોને બધા નકારાત્મકતાથી જુએ છે તથા એ મુજબ વિચારે છે અને તે પ્રમાણેનું વર્તન કરે છે.
- સત્ય માહિતી રજૂ કરીને, પુરાવાઓ દર્શાવીને, મુક્ત મને ચર્ચાઓ કરીને, જૂથમાં સંલગ્નતા વધારવાના પ્રયત્નો કરીને, યોગ્ય ભૂમિકાઓ ભજવીને લોકોમાં જો વિધાયક વલણ વિકસાવવામાં આવે, તો પૂર્વગ્રહોમાં ઘટાડો કરી શકાય છે.
- અગાઉના સમયમાં મહિલાઓ માટે ગૃહિણી તરીકેની અને બાળઉછેરની જવાબદારી હતી. આથી તેમને શિક્ષણ પ્રાપ્ત કરવાની કોઈ જરૂર નથી એવી માન્યતા પ્રચલિત હતી.
- વર્તમાન સમયમાં મહિલાઓ માટેનાં વિધાયક વલણોનો વિકાસ થતાં મહિલાઓ પુરુષોની સમોવડી, ખભેખભા મિલાવીને તમામ જવાબદારી ઉપાડનારી અને ખરા અર્થમાં સહભાગી બની છે. દીકરી બે ઘર તારે, "દીકરી દેવો ભવ","જો પુત્રીને જન્મ નહિ આપો તો દીકરાઓને કોની સાથે પરણાવશો." વગેરે... વિચારોના કારણે દીકરીઓ પ્રત્યેનાં વિધાયક વલણો વિકસી રહ્યા છે અને દીકરીઓ પ્રત્યેના પૂર્વગ્રહો ઓછા થયા છે.

5. 'આંતરજૂથ સંપર્ક પૂર્વગ્રહ ઘટાડવા કેવી રીતે ઉપયોગી થાય તે સમજાવો.' ?

- પૂર્વગ્રહ નિષેધક વલણ છે, જે આવેગિક પ્રક્રિયા સાથે જોડાઈને આક્રમક પ્રતિક્રિયા જન્માવે છે. આંતરજૂથ સંપર્ક પૂર્વગ્રહ ઘટાડવા ઉપયોગી થાય છે. આંતરજૂથ સંપર્કીની સમજૂતી નીચે પ્રમાણે છે :
- આંતરજુથ સંપર્ક : પૂર્વગ્રહો વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ન રહેતાં ધીમે ધીમે જૂથવ્યાપી બને છે.

- આ પરિસ્થિતિમાં બે વિરોધી જૂથો વચ્ચે પરસ્પર આંતરક્રિયા ઘટે છે અને પૂર્વગ્રહો વધુ દઢ થાય છે.
- જૂથ, કોમ, ધર્મ, જ્ઞાતિ, પ્રદેશ, દેશ, ભાષા વગેરેના લોકોમાં રહેલા અન્ય જૂથ પ્રત્યેના પૂર્વગ્રહો ઘટાડવા માટે બે વિરોધી જૂથો વચ્ચે સંપક વધારવા જોઈએ.
- બે વિરોધી જૂથો વચ્ચે પારસ્પરિક વિચાર વિનિમય થાય અને બને વચ્ચે અતિરક્રિયા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. જેનાથી એકબીજા જૂથો પ્રત્યેની વિરોધી લાગણીના બદલે અનુભવોના આધારે વિધાયક લાગણી જન્મે. એકબીજા અંગેનું જ્ઞાન અને માહિતી મળે તો પૂર્વગ્રહો દૂર થઈ શકે.
- લાગણીયક્ત માન્યતાઓને માત્ર બૌદ્ધિક પ્રયત્નોથી દૂર કરવાના બદલે શંકાના સ્થાને શ્રદ્ધા, ભયના બદલે વિકાસપૂર્વકના માનવસંબંધો સાથેની સલામતી, ઘણા કે તિરસ્કારના બદલે પ્રેમની અખિવ્યક્તિ વધે તેવા વિધાયક અનુભવો થાય, તો આપોઆપ બે વિરોધી જૂથો વચ્ચેના સંપર્કોના કારણે પૂર્વગ્રહોને ઓછા કરી શકાય.
- સામાન્ય જનતાના માનસમાં પોલીસ અને કિન્નર પ્રત્યે એવો પૂર્વગ્રહ જોવા મળે છે કે તેઓ દાદાગીરીથી, જબરજસ્તીથી કે બળજબરીથી લોકો પાસેથી પૈસા પડાવે છે અને જલસા કરે છે.
- અમદાવાદ શહેરમાં ગોમતીપુરનાં કિન્નરો અને પોલીસ સ્ટેશનના સ્ટાફે સહિયારા પ્રયત્નોથી ગરીબ પરિવારની સર્વધર્મ અને જ્ઞાતિની 25 કન્યાઓના સમૂહ લગ્ન કરાવ્યા.
- આ ઉત્તમ સમાજસેવાના કાર્યની પ્રજાએ હૃદયપૂર્વક નોંધ લીધી અને સમાજના સભ્યોમાં પોલીસ અને કિન્નરો પ્રત્યેનો પૂર્વગ્રહ ઓછો થયો અને તેઓના પ્રત્યે વિધાયક ભાવ અને સન્માન વધ્યાં. પોલીસ અને કિન્નરો પ્રત્યેનું વૈમનસ્ય ઘટ્યું.

### 6. કાયદા દ્વારા પૂર્વગ્રહો ઘટાડી શકાય. તે ઉદાહરણ આપી સમજાવો ?

- પૂર્વગ્રહ નિષેધક વલણ છે, જે આવેગિક પ્રક્રિયા સાથે જોડાઈને આક્રમક પ્રતિક્રિયા જન્માવે છે. કાયદા દ્વારા પૂર્વગ્રહો ઘટાડવાની સમજૂતી નીચે પ્રમાણે છે :
- કાયદો માનવીને સમાજ માન્ય રીતે વર્તવામાં અને સામાજિક શાંતિ વ્યવસ્થા જાળવવા માટે ખૂબ ઉપયોગી છે.
- વિવિધ સમાજોમાં જોવા મળતા પૂર્વગ્રહો અને વૈમનસ્ય સમાજમાં સંઘર્ષો અને તનાવ ઉત્પન્ન કરે છે. આવી પરિસ્થિતિમાં સામાજિક શાંતિ, સલામતી અને વ્યવસ્થા જાળવવા માટે કાયદો ખૂબ ઉપયોગી સાધન છે.
- કન્યા ભૃણ હત્યા રોકવા માટે જાતિ પરીક્ષણ કરવું એ કાયદાની દષ્ટિએ ગુનો છે. આ કાયદાના અમલના કારણે સમાજમાં કન્યાઓની જન્મવાની સંભાવનાઓ વધી છે.
- મહિલાઓને પુરુષ સમોવડી, સક્ષમ અને પગભર બનાવવા માટે ઘડવામાં આવેલો ‘સમાન મિલકત ધારો’ અત્યંત ઉપયોગી નીવડ્યો છે.
- ’જાતીય સતામણી’ અંગેના કાયદાઓના કારણે વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પુરુષો સાથે સલામતીપૂર્વક કાર્યો કરી શકે છે.

7. પૂર્વગ્રહ ઘટાડવામાં સંચાર માધ્યમનું મહત્ત્વ સમજાવો ?

- પૂર્વગ્રહ નિષેધક વલણ છે, જે આવેગિક પ્રક્રિયા સાથે જોડાઈને આક્રમક પ્રતિક્રિયા જન્માવે છે. પૂર્વગ્રહ ઘટાડવામાં સંચાર માધ્યમનું ખાસ મહત્ત્વ છે જે નીચે પ્રમાણે છેઃ
- સંચાર માધ્યમો : જનસમુદાયને માહિતી આપવા માટે પ્રચારની અવનવી અનેક રીતોનો ઉપયોગ કરવામાં આવે છે.
- વર્તમાન સમયમાં જનસમુદાયને માહિતી ખાપવા માટે સમુહ સંચાર માધ્યમોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.
- સમૂહ માધ્યમો દ્વારા એક સાથે લાખો વ્યક્તિઓને માહિતી કે વિચાર ખૂબ જ ઝડપથી મોકલી શકાય છે.
- આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજી પર આધારિત અનેક સાધનોનો ખૂબ વિકાસ થયો છે.
- ટેલિવિઝન, વર્તમાનપત્ર, રેડિયો, વૉટ્સએપ, ફેસબુક, યુ-ટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ, ઈન્ટરનેટ, એસએમએસ વગેરે દ્વારા વિશ્વના કોઈ પણ દેશમાં એક સાથે, ખૂબ જ ઝડપથી માહિતી પહોંચાડી શકાય છે.
- અગાઉના સમયમાં મહિલાઓએ ઘરની ચાર દિવાલો વચ્ચે રહી ઘરકામ અને બાળકોને જ સાચવવાના છે તે ખ્યાલ મુજબ કન્યાઓને શિક્ષણ આપવામાં આવતું ન હતું.
- વર્તમાન સમયમાં વર્તમાનપત્રો, ટેલિવિઝન વગેરે સંચાર માધ્યમો છે તે દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા કાર્યક્રમોના વારંવારના પ્રસારણથી મહિલાઓ પ્રત્યેના પૂર્વગ્રહોમાં ઘટાડો થયો છે અને કન્યાઓની જન્મ સંખ્યો, શિક્ષણમાં પ્રમાણ અને શિક્ષણમાં મેળવેલી સફળતાના પ્રમાણમાં પણ ખૂબ મોટો વધારો થયો છે.

8. મનોવલણ પરિવર્તનમાં અવરોધક તરીકે મનોવલણની પ્રબળતા સમજાવો ?

- નિષેધક મનોવલણમાં પરિવર્તન લાવવા માટે અનેક પ્રયત્નો સતત ચાલુ રહેવા છતાં કેટલીક વાર પરિવર્તન ઝડપી અને સામાન અસરકારક બનતું નથી.
- કેટલાંક પરિબળો મનોવલણ પરિવર્તનમાં અવરોધક બને છે.
- મનોવલણ પરિવર્તનમાં અવરોધક પરિબળ તરીકે મનોવલણની પ્રબળતા' નીચે મુજબ છેઃ
- મનોવલણની પ્રબળતા : કોઈ વલણ ઘણા લાંબા સમય સુધી રહે છે. દરેક તો તેનું દઢીકરણ થવાના કારણે તે વલણ પ્રબળ બને છે.
- આવા પ્રબળ બનેલા મનોવલણમાં પરિવર્તન લાવવું સરળ નથી. કે સમાજમાં કેટલાંક મનોવલણો ખુબ જ આત્યંતિક (અનંત) હોય છે પ્રત્યક્ષ તેમાં પરિવર્તન લાવવું ખૂબ જ કઠિન દા. ત.,પશ્ચિમની સંસ્કૃતિનો ભારતીય જનસમાજ પર સતત પ્રહાર હોવા છતાં આજે પણ ભારતીય પરંપરાના પહેરવેશ, ખાવાપીવાની પરિસિ રીતભાત, રીતરિવાજ વગેરેમાં આમૂલ પરિવર્તન આવ્યું નથી.
- અમેરિકામાં ગોરાઓ અને નિગ્રો. એશિયા ખંડમાં ભારત અને મૂલ્યાંક પાકિસ્તાન, ભારતમાં અનામત અને બિનઅનામતમાં વિભાજિત થયેલી વ્યક્તિઓમાં એકબીજા પ્રત્યેના વલણમાં જોઈએ તેવું પરિવર્તન હોય છે નિમાવ્યું નથી, કારણ કે આ પ્રકારના મનોવલણો ખુબ જ પ્રબળતા નુકસાન ધરાવે છે.

9. મનોવલણ ઘડતરને અસર કરતાં પરિબળ તરીકે પ્રત્યક્ષ અનુભવ'ની સમજૂતી આપો ?

- મનોવલણ એ જન્મજાત કે વારસાગત નથી, પરંતુ સામાજીકરણ અને શિક્ષણની પ્રક્રિયાથી સંપાદિત થાય છે. મનોવલણ માનવવર્તનને દિશા આપનારું મહત્ત્વનું પરિબળ છે.
- મનોવલણ ઘડતર પર અસર કરનાર પરિબળ તરીકે પ્રત્યક્ષ અનુભવ'ની સમજૂતી નીચે પ્રમાણે છે :
- પ્રત્યક્ષ અનુભવ : અનુભવ એ જિંદગીનો ઉત્તમ શિક્ષક છે.
- દરેક વ્યક્તિ પોતાના જીવનના વિવિધ અનેક અનુભવોમાંથી ઘણું શીખે છે.
- દરેક વ્યક્તિને વિશિષ્ટ પ્રકારના અનુભવો થાય છે,અને તેનું પ્રત્યક્ષીકરણ પણ વ્યક્તિગત હોય છે. આથી એનુભવોની દરેક વ્યક્તિની પ્રતિક્રિયા વિવિધતા ધરાવતી હોય છે.
- કોઈ એક સમાન પરિસ્થિતિમાં હાજર રહેલી અનેક વ્યક્તિઓનું તે પરિસ્થિતિ અંગેનું પ્રત્યક્ષીકરણ વ્યક્તિગત અને વિશિષ્ટ હોય છે. વ્યક્તિ પૂર્વ અનુભવ, શિક્ષણ, સમજણ વગેરે મુજબ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતી હોય છે.
- કોમી મુસ્લ વે દરમિયાન તોડફોડ, લૂંટફાટ, માગ વગેરે બનતા હોય છે ત્યારે જે વ્યક્તિની માલ-મિલકતની તોડફોડ થઈ હોય, નુકસાન થયું હોય તેવી વ્યક્તિનું અન્ય સમુદાય અને તોડફોડ કરનાર વ્યક્તિઓ પ્રત્યે નિષેધક વલણ વિકાસ પામે છે.
- ગ્રામ્ય વિસ્તારની કોઈ વ્યક્તિને શહેરના કોઈ વેપારીએ છેતય હોય, તો શઙરના વેપારીઓ લુચા હોય છે. તેવું નિષેધક વલા વિકસે છે.
- ધર્મમાં શ્રદ્ધા રાખનાર વ્યક્તિનું કોઈ ધર્મગુરુ દ્વારા શોષણ થાય ત્યારે તે વ્યક્તિનું ધર્મગુરુ પ્રત્યે નકારાત્મક વલણ અને કોઈ ચમત્કારનો અનુભવ થાયતો ધર્મગુરુ પ્રત્યે વિધાયક વલણ વિકાસ પામે છે.
- શાળામાં શિસ્તના આગ્રહી અને કડક શિક્ષકની છાપ ધરાવતા કોઈ શિક્ષકે, વ્યક્તિગત પ્રસંગે કોઈ વિદ્યાર્થીની કાળજી લઈ મદદ કરી હોય, સહાય કરી હોય, તો અન્ય વિદ્યાર્થીઓના મનમાં આ શિક્ષક માટે વિધાયક વલણ બંધાય છે.

10. 'પુનઃવર્ગીકરણ' પૂર્વગ્રહ ઘટાડવા કેવી રીતે ઉપયોગી થાય છે? સમજાવો.

- પૂર્વગ્રહ નિષેધક વલણ છે, જે આવેગિક પ્રક્રિયા સાથે જોડાઈને આક્રમક પ્રતિક્રિયા જન્માવે છે, 'પુનઃવર્ગીકરણ' પૂર્વગ્રહ ઘટાડવા ઉપયોગી થાય છે.
- પુનઃ - વર્ગીકરણની સમજૂતી નીચે પ્રમાણે છે :
- પુનઃવર્ગીકરણ : ભારત વિવિધતામાં એકતા ધરાવતો વિશિષ્ટ દેશ ભારત ધર્મ, ભાષા, રીતરિવાજ, પહેરવેશ, ખાનપાન, પ્રાંત, જાતિ, જ્ઞાતિ વગેરે અનેક બાબતોમાં વિવિધતા ધરાવે છે. આથી ભારત અનેક વિવિધ અને વિશિષ્ટ જૂથોમાં વહેંચાયેલો છે. 'જેના કારણે સ્વજૂથ તથા પરજૂથની ભાવના વિકાસ પામે છે અને જૂથો જૂથો વચ્ચે વૈમનસ્ય અને પૂર્વગ્રહો જ છે.'
- પ્રાચીન ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા વર્ણવ્યવસ્થા પર આધારિત હતી. અને દરેક જ્ઞાતિઓમાં અનેક પેટાજ્ઞાતિઓ હતી, જેના કારણે ઊંચ-નીચના ભાવ, વૈમનસ્ય અને એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો હતા.
- ભારતમાં સ્વતંત્રતા બાદ અનામત પ્રથાના અમલના કારણે એસસી, એસટી અને બક્ષીપંચ એમ ત્રણ નવા સમુદાયને વર્ગીકૃત કરવામાં આવ્યા અને આ વર્ગીકરણમાં અનેક જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો.

- અનામત પ્રથાના કારણે વિવિધ જ્ઞાતિના લોકો એસસી, એસટી અને બક્ષીપંચના વર્ગમાં સમાતાં તે લોકો વચ્ચેનું વૈમનસ્ય અને પૂર્વગ્રહો ઓછા થયા.
- સમાજના વિવિધ જૂથો એક જ જૂથમાં આવતાં એકજૂથભાવના વિકાસ પામી.